પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૯૯ | ૧૦ જાન્યુઆરી, ૨૦૨૦, શુક્રવાર; પોષ સુદ - ૦૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

દિલ્હીમાં ત્રણ ત્રાસવાદી પકડાયા

આઈએસઆઈએસ મોડ્યુલનો આખરે પર્દાફાશ : પ્રજાસત્તાક દિવસ પહેલા જ દિલ્હી પોલીસને મોટી સફળતા : ઝડપાયેલા ત્રાસવાદીઓની પુછપરછ : અન્ય સાથીઓ ખતરનાક ઇરાદા સાથે દિલ્હીમાં છુપાયા છે કે કેમ તેને લઇને ઉંડી ચકાસણી

નવીદિલ્હી, તા. ૯

પાટનગર દિલ્હીમાં આતંકવાદી સંગઠન આઈએસઆઈએસના મોડ્યુલનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ૨૬મી જાન્યુઆરી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે ત્રાસવાદીઓ હુમલા કરવાની યોજના બનાવી રહ્યા હોવાની વિગત સપાટી ઉપર આવી છે. આના ભાગરુપે સાવધાન રહેલી દિલ્હી પોલીસે ત્રણ ત્રાસવાદીઓની ધરપકડ કરી લીધી છે. નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યા બાદ તેમની પુછપરછ ચાલી રહી છે. તેમના ટાર્ગેટ શું હતા અને ઇરાદા શું હતા તે સંબંધમાં પુછપરછ કરવામાં આવી રહી છે. દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલ દ્વારા આ ત્રણેયની ધરપકડ કરવામાં આવી છે. દિલ્હી હાલમાં હાઈએલર્ટ ઉપર છે. જુદી જુદી જગ્યાઓએ ચાલી

રહેલા વિરોધ પ્રદર્શન અને પ્રજાસત્તાક દિવસની પરેડ આડે વધારે દિવસ રહ્યા નથી ત્યારે પહેલાથી જ મજબૂત સુરક્ષા રાખવામાં આવી છે. ૨૦૧૮માં પણ આઈએસ મોડ્યુલના ખુલાસાની બાબત સપાટી ઉપર આવી હતી. તે વખતે એનઆઈએ દ્વારા દિલ્હી, ઉત્તરપ્રદેશ સહિત દેશના જુદા જુદા ભાગોમાં ૧૮થી વધુ સ્થળો ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. દિલ્હીમાં બોંબ બ્લાસ્ટ કરવા અને અન્યરીતે હુમલા કરવાની યોજનાની તૈયારી કરવામાં આવી હતી જ્યારે ૨૦૧૮માં દરોડા પાડવામાં આવ્યા ત્યારે એકલા દિલ્હીમાં છથી સાત સ્થળો ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. સિલમપુર અને જાફરાબાદમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

ડોન દાઉદના નજીકનો સાથી એઝાઝ લકડાવાલા ઝડપાયો

બાતમીના આધારે મુંબઈ પોલીસને મોટી સફળતા ૨૭થી વધુ કેસો એઝાઝની સામે રહેલા છે

મુંબઇ,તા. ૯

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમના સાથી એજાજ લકડાવાલાની મુંબઇ પોલીસે આજે ધરપકડ કરી લીધી હતી. આની સાથે જ ડોન દાઉદ ઉપર સકંજો વધુ મજબૂત કરવામાં આવ્યો છે. તેની બાતમીના આધાર પર ધરપકડ કરવામાં આવી હતી. એજાજ લકડાવાલા મુંબઇના સૌથી વોન્ટેડ અપરાધીઓ પૈકી એક તરીકે છે. ગેંગસ્ટર છોટા રાજનનો તે નજીકનો સાથી રહ્યો છે. વર્ષ ૨૦૦૩માં એવી અફવા હતી કે બેંકોકમાં દાઉદ ટોળકીના હુમલામાં તેની મોત થઇ ગઇ હતી. જો કે તે બચી ગયો હતો. એમ કહેવામાં આવે છે કે તે બેંકોકથી કેનેડા જતો રહ્યો હતો. તે ઘણા સમયથી ત્યાં રોકાયેલો હતો. ધરપકડ કરવામાં આવ્યા બાદ તેને પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે. મુંબઇ પોલીસે કહ્યુ છે કે લકડાવાલાને બિહારના પાટનગર પટણાથી પકડી લેવામાં આવ્યો હતો. લકડાવાલાની સામે ૨૭ કેસ રહેલા છે. મુંબઇ પોલીસની ક્રાઇમ બ્રાન્ચ દ્વારા સમગ્ર મામલામાં તપાસ કરવામાં આવી રહી છે. દાઉદ લકડાવાલા રાજન સાથે હાથ મિલાવીને તેની સાથે જોડાઇ ગયા બાદ નારાજ હતો. પોલીસથી બચવા માટે તે યુએસ, મલેશિયા, યુકે અને નેપાલમાં રહી ચુક્યો છે. મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાની મથકે ફરાર અપરાધી લડકાવાલાની પુત્રીને બનાવટી પાસપોર્ટ પર વિદેશ ભાગવાના મામલામાં પકડી લેવામાં આવી હતી. જો કે, હવે તેની પણ ધરપકડ કરી લેવામાં આવી છે.

ખાનગી ટ્રેનોની મહત્તમ ઝડપ ૧૬૦ કિમી રહેશે

ન્યુ દિલ્હી,તા.૯

રાષ્ટ્રીય ભારત પરિવર્તન સંસ્થાન ('નિતિ' આયોગ)એ તૈયાર કરેલી દરખાસ્તના મુસદ્દા મુજબ ખાનગી ટ્રેનો રેલમાર્ગો પર દોડતી અન્ય ટ્રેનોની સરખામણીમાં ૧૫ મિનિટ વહેલી દોડશે, તેની મહત્તમ ઝડપ કલાક દીઠ ૧૬૦ કિલોમીટર રહેશે અને તેમાં ખાનગી કંપનીના ગાર્ડ્સ અને કર્મચારીઓ રહેશે. આ ઉપરાંત, ખાનગી ટ્રેનના ડબા આધુનિક હશે અને સુરક્ષાની વધુ સારી સુવિધા રહેશે.

અમેરિકા-ઈરાન યુદ્ધ ટળતા બજાર ઝુમ્યુ

સેન્સેક્સમાં ૬૩૫ પોઇન્ટનો ઉછાળો : સેંસેક્સ કારોબારના અંતે ૪૧૪૫૨ની ઉંચી સપાટી ઉપર રહ્યો

મુંબઈ,તા. ૯

શેરબજારમાં આજે તેજીનું મોજુ ફરી વળ્યું હતું. અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ ટળવાથી શેરબજાર ઝુમી ઉઠ્યું હતું. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંઘર્ષને આગળ નહીં વધારીને શાંતિનો સંદેશ આપ્યા બાદ શેરબજારમાં તેજી રહી હતી. આજે કારોબારના અંતે સેંસેક્સ ૬૩૫ પોઇન્ટ ઉછળીને ૪૧૪૫૨ની ઉંચી સપાટીએ રહ્યો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેંજમાં નિફ્ટી ૧૯૧ પોઇન્ટ ઉછળીને ૧૨૨૧૬ની સપાટીએ બંધ રહ્યો હતો. દિવસ દરમિયાન સેંસેક્સ ૪૧૪૮૨ની ઉંચી સપાટી અને ૪૧૧૭૫ની નીચી સપાટીએ રહ્યો હતો. નિફ્ટી પણ આગાળા દરમિયાન ૧૨૨૨૪ અને ૧૨૧૩૩ની ઉંચી સપાટીએ રહ્યો હતો. બીએસઈમાં ૨૬ કંપનીઓના શેરમાં તેજી રહી હતી અને ચાર કંપનીઓના શેરમાં મંદી રહી હતી. એનએસઈમાં પણ ૪૩ કંપનીઓના શેરમાં લેવાલી અને સાત કંપનીઓના શેરમાં વેચવાલી રહી હતી. આજે શેરબજારમાં તેજી માટે જુદા જુદા કારણો જવાબદાર રહ્યા હતા. બ્રોડર માર્કેટમાં તેજીનો માહોલ જામ્યો હતો.

અંદાજપત્ર પૂર્વની કવાયતમાં વિવિધ ક્ષેત્રના જૂથો સાથે પ્રધાનમંત્રીની બેઠક

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતમાં ૫ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રનું લક્ષ્ય હાંસલ કરવા માટે તમામ હિસ્સેદારોને કેન્દ્રિત પ્રયત્નો કરવા હાકલ કરી હતી.પ્રધાનમંત્રી વિવિધ વરિષ્ઠ અર્થશાસ્ત્રીઓ, ખાનગી ઈક્વિટી/સાહસિક મૂડીવાદીઓ, ઉત્પાદન વ્યવસાયના અગ્રણીઓ, પ્રવાસ અને પર્યટન, એપરલ અને એફએમસીજી, એનાલિટિક્સ, કૃષિ, વિજ્ઞાન, તકનીકી અને નાણાં ક્ષેત્રના વિષય નિષ્ણાતો સાથે વાતચીત કરી રહ્યા હતા. અંદાજપત્ર પૂર્વેની કવાયતના ભાગરૂપે આજે નવી દિલ્હીમાં નીતિ આયોગની બેઠક મળી હતી.

ઉત્તર ભારત શીત લહેરના સકંજામાં

વિવિધ વિસ્તારોમાં હિમવર્ષા અને વરસાદ : મોટાભાગના વિસ્તારોમાં ઠંડી વધશે : તાપમાન પાંચ ડિગ્રી ઘટશે : જમ્મુ કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડના વિવિધ ભાગોમાં હિમવર્ષા જારી

નવી દિલ્હી,તા. ૯

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી પ્રવર્તી રહી છે. ચારેબાજુ ઠંડીના પ્રકોપના કારણે હાલત કફોડી બનેલી છે. દેશના જમ્મુ કાશ્મીર, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદ થયો છે. જ્યારે પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઇ છે. પંજાબ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશના જુદા જુદા ભાગોમાં કરા પડવાની સાથે સાથે વરસાદ થઇ શકે છે. બીજી બાજુ ઠંડીમાં વધારો થઇ શકે છે. કાતિલ ઠંડીના કારણે આ વર્ષે હજુ સુધી ઠંડીના કારણે મોતનો આંકડો ૧૦૦થી ઉપર પહોંચી ગયો છે. એકલા ઉત્તપ્રદેશમાં મોતનો આંકડો ૯૦ની આસપાસ પહોંચી ગયો છે. કાતિલ ઠંડી અને ધુમ્મસના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે.મનાલીમાં ભારે હિમવર્ષા થઇ છે. પાંચ નેશનલ હાઇવેને બંધ કરવાની ફરજ પડી છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને દિલ્હીમાં જનજીવન પર અસર થઇ છે. ધુમ્મસના કારણે વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીર અને હિમાચલપ્રદેશમાં મોટા ભાગના વિસ્તારોમાં માઇનસમાં તાપમાન છે. ધુમ્મસની સ્થિતી વચ્ચે વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ધુમ્મસની સ્થિતીના કારણે વિમાની અને ટ્રેન સેવાને અસર થઇ હતી.

પ્રાર્થના સભા

માઁ અન્નપૂર્ણાના આજીવન સેવક

(પ્રમુખશ્રી, અન્નપૂર્ણા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ, મોદીપુર - અંબાસણ)

સ્વ. શ્રી હરેશભાઇ સુમનલાલ જાની

જન્મ તારીખ ૦૧/૧૧/૧૯૬૧ | સ્વર્ગવાસ તા. ૦૨/૦૧/૨૦૨૦

અમારા ભાઇ શ્રી હરેશભાઇ સુમનલાલ જાની (લાકરોડા) તા. ૦૨/૦૧/૨૦૨૦ ગુરૂવારના રોજ સ્વર્ગવાસી થયા છે. સદ્‌ગતની પ્રાર્થના સભા તા. ૧૧/૦૧/૨૦૨૦ શનિવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : ૮૫૪, ચર્ચની સામે, સેક્ટર - ૮ ગાંધીનગર

લિ.

અનિલભાઇ સુમનલાલ જાની (ભાઇ) | નિશા હરેશભાઇ જાની
વૈભવ હરેશભાઇ જાની (પુત્ર) | મિનલ અનિલભાઇ જાની
શુભ - તનય (પૌત્ર) | હરિતા વૈભવભાઇ જાની
દિનેશભાઇ કાંતિલાલ વ્યાસ (બનેવી)
અસ્મિતાબેન દિનેશભાઇ વ્યાસ (બહેન)
અલ્કાબેન સુમનલાલ જાની (બહેન)

www.hyundai.co.in | For more details, give a missed call on 8884709630 | 100% on-road finance* | Zero processing fees* | 10% Cashback on Booking Amount* HDFC BANK ICICI Bank Credit & Debit Cards | HYUNDAI

PUNJAB HYUNDAI 78200 03300

Plot No. 1004/A. Sectar 28, GIDC, Opp, DSP Office, GANDHINAGAR | 2/5 Umiya Tirth Ville, Nr. Gayatri Mandir, Mehsana Highway, KALOL | Nr. Atithi Hotel. Opp. Ashirwad Hospital DEHGAM